ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[Gujarat Public Universities Act No. 15/2023]

**ક્રમાંક/બીકેએનએમયુ/શિષ્યવૃત્તિ/૦૧૭/૨૦૨૬** **તા. ૦૯/૦૪/૨૦૨૬**

**વિષય:- વર્ષ ૨૦૨૨-૨૩ થી વર્ષ ૨૦૨૪-૨૫ ની અનુસૂચિત જાતિનાં વિદ્યાર્થીઓની શિષ્યવૃતિની પેન્ડીંગ અરજીઓનાં નિકાલ કરવા બાબત.**

**સંદર્ભ:- જિલ્લા નાયબ નિયામક,અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીનો પત્ર ક્રમાંક નં.નાનિ/અ.જા.ક./પો.મે.શિ./૨૦૨૬/ ૮૭૮-૮૮૩ તા. ૧૭/૦૩/૨૦૨૬**

**પરિપત્ર:-**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, માન્ય સંસ્થાઓનાં વડાઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવામાં આવે છે કે જુદી-જુદી પ્રિ-મેટ્રીક/પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓનો અમલ ડિજીટલ ગુજરાત પોર્ટલ મારફત અનુસુચિત જાતિના વિદ્યાથીઓની ઓનલાઈન શિષ્યવૃતિ ચૂકવણીની કાર્યવાહી કરવામાં આવે છે. કેન્દ્ર પુરસ્કૃત પ્રિ-મેટ્રીક/પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓ અંતર્ગત રાજ્યમાં ૪૦ ટકા ચૂકવાનું થયા બાદ જ કેન્દ્ર સરકારનું ૬૦ ટકા ચુકવણું કરવા ડેટા NSP ને મોકલવાનો હોય છે તેથી તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, માન્ય સંસ્થાઓનાં વડાઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને તાકીદ કરવામાં આવે છે કે શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩, ૨૦૨૩-૨૪ તથા ૨૦૨૪-૨૫ ની અરજીઓ પેન્ડીંગ હોય તે તમામ અરજીઓનો નિકાલ સમયમર્યાદામાં નિયમોનુસાર પૂર્ણ કરવા જણાવેલ છે.

ઉપરોક્ત વિગતે જણાવવાનું કે આપશ્રીની કોલેજ/અનુસ્નાતક કેન્દ્ર/અનુસ્નાતક ભવનનાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩, ૨૦૨૩-૨૪ તથા ૨૦૨૪-૨૫ ની અરજીઓ પેન્ડીંગ હોય તે તમામ અરજીઓનો સમયમર્યાદામાં સત્વરે નિકાલ કરવા જણાવવામાં આવે છે. નિયત સમયગાળા બાદ પણ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩, ૨૦૨૩-૨૪ તથા ૨૦૨૪-૨૫ની કોઇ અરજીઓ પેન્ડીંગ રહેલ હશે તો તે તમામ અરજીઓને ફ્રીજ કરવામાં આવશે જે અંગેની સંપૂર્ણ જવાબદારી જે-તે કોલેજ/અનુસ્નાતક કેન્દ્રનાં આચાર્યશ્રી/વડા ની રહેશે જેની ગંભિરતાપૂર્વક નોંધ લેશો.

**ખાસ નોંધ :- ૧) તમામ કોલેજો/અનુસ્નાતક કેન્દ્રો/અનુસ્નાતક ભવનોએ આ પરિપત્ર કોલેજના નોટીસબોર્ડ પર ફરજીયાત લગાવવાનો રહેશે.**
**૨) ઉક્ત બાબતે ભવિષ્યમાં કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો આ અંગેની સઘળી જવાબદારી જે- તે સંસ્થા/કોલેજ/ અનુસ્નાતક કેન્દ્રનાં ટ્રસ્ટીશ્રી/આચાર્યશ્રીની રહેશે જેની ગંભિરતાપૂર્વક નોંધ લેશો.**

**ડીરેક્ટર**
**સ્કોલરશીપ સેક્શન,**
**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,**
**જુનાગઢ.**

બિડાણ:-
- સંદર્ભદર્શિત પત્રની નકલ

પ્રતિ,

૧) ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ.
૨) માન્ય સંસ્થાઓના વડાશ્રીઓ.
૩) યુનિવર્સિટી સ્થિત વિવિધ ભવનોના અધ્યક્ષશ્રીઓ.

સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જૂનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩
Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 Fax: 0285-2681503
: www.bknmu.edu.in || registrar@bknmu.edu.in

**નકલ સાદર રવાના:-**

૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ.....

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે :-**

૧) આઈ.ટી.સેલ. વેબસાઈટ પર પ્રસિદ્ધ થવા અને યોગ્ય કાર્યવાહી અર્થે.......

સરકારી પોલીટેક્નીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩
: www.bknmu.edu.in

Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 Fax: 0285-2681503
registrar@bknmu.edu.in

# નાયબ નિયામક,અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી
## જિલ્લો- દેવભૂમિ દ્વારકા -જામખંભાળીયા

જિલ્લા સેવા સદન,ગ્રાઉંડ ફ્લોર રૂમ નં. સી/જી/૧૧/૧૨ ધરમપુર-લાલપુર રોડ, જામખંભાળીયા
ઇ-મેઇલ dddevbhumi@gmail.com/swo-sjed-khambha@gujarat.gov.in ફોન નં.- ૦૨૮૩૩-૨૩૪૬૦૨


નં.નાનિ/અજાક/પો.મે.શિ./૨૦૨૬/ ૪૭૪ - ૪૮૩ તારીખ:/ 7/૦૩/૨૦૨૬

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ/કોલેજો/
યુનિવર્સિટીઓ/આઇ.ટી.આઇ./સંસ્થાઓ,
જિ.દેવભૂમિ દ્વારકા.

**વિષય:-** અનુ.જાતિના વિધાર્થીઓને પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ બાબત.
**સંદર્ભ:-** ૧) માન.નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ, ગુ.રા.ગાંધીનગરના તા.૦૬/૦૩/૨૦૨૬ ના પત્ર નં.અજાક/ગ-૧/૫/૨૫-૨૬/૭૭૧-૮૦૩

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, કેન્દ્ર સરકારશ્રીની જુદી જુદી પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓનો અમલ ડીજીટલ ગુજરાત પોર્ટલ પર શાળાના આચાર્યશ્રીઓ મારફત ઓનલાઇન દરખાસ્તો/અરજીઓ મંગાવી કરવામાં આવે છે. અને કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવા જણાવવામાં આવે છે. જે અન્વયે કેન્દ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ના તા.૧૬/૧૨/૨૦૨૫ ના પત્ર નં: K-11017/8/2025-SCD-V થી કેન્દ્ર પુરુસ્કૃત પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓની વર્ષ:-૨૦૨૨-૨૩, ૨૦૨૩-૨૪ તથા ૨૦૨૪-૨૫ ની પડતર કામગીરી તા.૩૧/૦૩/૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવા જણાવેલ છે.

વડી કચેરી, ગાંધીનગરથી કેન્દ્ર પુરસ્કૃત પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓ અંતર્ગત રાજયમાં ૪૦% ચુકવણું થયા બાદ કેન્દ્ર ફાળાનું ૬૦% ચુકવણું કરવા ડેટા NSP ને મોકલવાનો હોય વર્ષ:-૨૦૨૨-૨૩, ૨૦૨૩-૨૪, તથા ૨૦૨૪-૨૫ ની કોઇ પાત્રતા ધરાવતા વિધાર્થીઓની અરજી મોકલવાની બાકી હોય તો આ તમામ વર્ષની અરજીઓ દિન- ૦૩ માં અત્રેની કચેરીને મોકલી આપવા વિનંતી છે. જેથી તે તમામ વિધાર્થીઓની અરજીઓ નિયમોનુસાર મંજુર કરી રાજ્ય ફાળાના ૪૦% ચુકવણાની કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરી શકાય.

વધુમાં જે અરજીઓ આચાર્યશ્રી કક્ષા/ વિધાર્થી કક્ષા એ પડતર હોય તેવી અરજીઓ ચકાસી તાત્કાલિક નિકાલ કરવાનો રહેશે. જેથી વિધાર્થીઓને શિષ્યવૃતિનું ચુકવણું થઈ શકે. આ બાબતે ભવિષ્યમાં કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે અને કોઇ વિધાર્થી શિષ્યવૃતિ થી વંચિત રહી જશે તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી શાળાઓ/કોલેજો/સંસ્થાઓના આચાર્યશ્રીઓની રહેશે. જેની નોંધ લેવા વિનંતી છે.

(એચ.આર.ઠોસાણી)
નાયબ નિયામક
અનુસૂચિતજાતિ કલ્યાણ
દેવભૂમિ દ્વારકા

**નકલ સવિનય રવાના:-**

(૧) નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ, ગુ.રા.ગાંધીનગર તરફ જાણ સારું.
(૨) કુલ સચિવશ્રી, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જિ.જુનાગઢ.
-/જાણ તથા તમામ કોલેજોને આપની કક્ષાએથી ઉક્ત બાબતે જરુરી સુચના આપવા સારુ.
(૩) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિ. દેવભૂમિ દ્વારકા
-/જાણ તથા તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ઉક્ત બાબતે જરૂરી સૂચના આપવા સારુ.
(૪) શગુન ઇન્સ્ટિટ્યુટ ઓફ નર્સિંગ,
પોરબંદર-ખંભાળીયા રોડ, ગંગા જમુના હોટેલ પાસે, રામનગર, તા.ખંભાળીયા, જિ.દેવભૂમિ દ્વારકા.
(૫) ડિવાઇન ઇન્સ્ટિટ્યુટ ઓફ નર્સિંગ, ખંભાળીયા. તા.ખંભાળીયા, જિ.દેવભૂમિ દ્વારકા.


GENERAL REGISTER
Inward No. 123
Date 7/4/26

Scholarship Cell
Inward No. 007
Date: 8/4/26